<u>રે.દિ.મુ.નં.૬૬/૨૦૨૩</u>

## આંક–૫ ની કામચલાઈ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ :–

(૧). વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુદ્ધ રૂ.૨૧,૦૧,૦૦૦/– નાં આંકથી ડેકલેરેશન તથા કાયમી તાકીદ અને દસ્તાવેજ રદ્દીકરણના હુકમ માટે કરેલ છે અને દાવો ચાલતા સમય જાય તેમ હોઈ, હાલની અરજી દિવાની કાર્યરીતિ સંહિતાના હુકમ ૩૯, નિયમ ૧ તથા ૨ તથા કલમ–૧૫૧ મુજબ દાખલ કરેલ છે.

વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ વાદીનું મૂળ વતન ચંદ્રાસણ, તા.કડી ગામ છે અને તેમના કુટુંબના સભ્યો જેવા કે તેમના પિતા, માતા, ભાઇ તથા બહેન છે અને તેઓ તેમના કુટુંબ સાથે સાતેક વર્ષ અગાઉ ચંદ્રાસણ, તા.કડી મુકામે રહેતા હતા અને ત્યારબાદ તેમના સામાજીક કારણોસર તેમના કુટુંબ સાથે દિલ્હી મુકામે રહે છે. તેમના કુટુંબના સભ્યો સાથે ટેલીફોનિક વાતચીત કરી કાયમ માટે સંપર્કમાં રહેતાં. મોજે ચંદ્રાસણ મુકામે તેમના પિતા પટેલ રણછોડભાઇ નારણભાઇના નામે ચાલતી ખેતીની જમીનો આવેલી હતી અને તમામ મિલકતો તેમના પિતાની વડીલોપાર્જીત મિલકતો હતી અને તેમના પિતાનું નામ તમામ મિલકતોમાં માલિકી અને કબજેદાર તરીકે ચાલતું હતું. તેઓના પિતાની માલિકી પૈકી ૧ ખેતીની જમીન જેનો જુનો સર્વે નં.૧૪૯/૫ હતો અને જેનો નવીન સર્વે નં.૭૬૭ બનેલ અને જેનું માપ હે.આરે.૦–૫૬–૨૨ હતું. **(જેને હવે પછી દાવાવાળી વાદગ્રસ્ત મિલકત તરીકે સંબોધવામાં આવશે.)** તથા તે મિલકત તેમના પિતા પાસે વડીલોપાર્જીત હક્કથી વારસાઇ હક્કે આવેલ હતી. તેમના પિતા તા.૧૨–૨–૨૦૦૬ ના રોજ મરણ થયેલા છે અને તેમના મૈયત થયા બાદ તેઓ વાદી તથા પ્રતિવાદી નં.૧ તથા તેમની માતા પટેલ રઇબેન તથા તેમની બહેનોના નામ પટેલ રણછોડભાઇ નારણભાઇની તમામ મિલકતોમાં વારસાઇ હક્કે સને ૨૦૦૬ ની સાલમાં નોંધ નં.૩૧૩૪ થી દાખલ થયેલ હતા અને આ રીતે વાદીની તમામ મિલકતોમાં વારસાઇ હક્કે સમાન હિસ્સો ધરાવતા હતાં. પટેલ રણછોડભાઈની જે તમામ મિલકત તેમના મૈયત થયા બાદ તેઓ વાદી તથા પ્રતિવાદી નં.૧ તથા તેમની માતા તથા તેમની બહેનોના સંયુક્ત નામે ચાલતી હતી તે મિલકતોમાંથી પટેલ મંજુલાબેન તથા સરોજબેને પોતાની રાજીખુશીથી કાયમ માટે હક્ક ઉઠાવી લીધેલ અને જે બદલની નોંધ નં.૫૬૦૫ સને ૨૦૨૦ ની સાલમાં પડેલ છે અને ત્યારબાદ પટેલ રઇબેન રણછોડભાઇએ પણ પોતાનો હક્ક રાજીખુશીથી ઉઠાવી લીધેલ હોઇ, તે બદલની હક્કપત્રકે નોંધ નં.૬૩૯૫ સને ૨૦૨૨ ની સાલમાં પડેલ છે. આમ,

વાદી તથા પ્રતિવાદી નં.૧ ની મિલકતોમાં સમાન હક્ક, હિત સંબંધ ધરાવતા હતા અને તેઓને તથા પ્રતિવાદી નં.૧ વચ્ચે કોઇપણ જાતની વહેંચણી થયેલ નથી. આ કામના પ્રતિવાદી નં.૧ કે જેમના નાના ભાઇ થાય છે તેમની શરૂઆતથી દાનત તેમની પાસેથી જમીનો પડાવી લેવાની હતી અને તે કારણે તેઓ વારંવાર ચંદ્રાસણ મુકામે આવવાની વાત કરતા તો તેઓને જણાવતા કે તારે અહી જીવનું જોખમ છે અને તું ચંદ્રાસણ મુકામે આવતો નહી તેઓને ચંદ્રાસણ મુકામે આવતા રોકતા પરંતુ આ હકીકત પાછળથી પ્રતિવાદી નં.૧ ઇરાદો તેમની મઝીયારી મિલકતો પચાવી પાડવાનો હોય તેમ હતો. તેઓ વાદી દિલ્હી મુકામે રહેતા હોઇ અને તેમની જાણમાં હોવા છતાં પ્રતિવાદી નં.૧ એ મે.કડીના પ્રિન્સીપાલ સિવિલ કોર્ટમાં તેઓને સિવિલિયન ડેડ એટલે કે મૈયત તરીકે જાહેર કરવા એક ખોટો દાવો રે.મુ.નં.૧૩/૨૧ થી દાખલ કરેલો, અને નામદાર કોર્ટ પાસેથી આવો ખોટો તેઓ મરણ પામ્યા છે તેવો હુકમ મેળવી તેમની મઝીયારી મિલકતો પચાવી પાડવાનો પ્રતિવાદી નં.૧ નો ઇરાદો હતો પરંતુ તેઓને મરણ જાહેર કરવા ખોટો કેસ કરેલ હતો અને એકાદ વર્ષ અગાઉ પ્રતિવાદી નં.૧ નાએ તેઓને જણાવેલ કે આપડી માતા રઇબેન બિમાર છે જેથી તેઓ ચંદ્રાસણ મુકામે આવેલા ત્યારે પ્રતિવાદી નં.૧ નાએ જણાવેલ કે, આપડી વડીલોપાર્જીત મિલકતો બાબતે લોન મેળવવા અથવા મંડળી મેળવવા તથા અન્ય ખેતી વિષયક લાભો મેળવવા તેમની સહીની તકલીફ પડે છે અને વારંવાદ દિલ્હીથી આવી શકાય નહી તેમજ તેમના ઉપર જીવનું જોખમ છે તો તેઓ પ્રતિવાદી નં.૧ ને મિલકતોનો વહીવટ કરવા કુલમુખત્યાર કરી આપે તેવું તેઓને સમજાવેલું અને તેઓને વિશ્વાસ આપેલ કે, આવા કુલમુખત્યાર પત્રના આધારે તેમના હિત વિરુદ્ધ કોઇ કૃત્ય કરીશું નહી. આથી આ કામના પ્રતિવાદી નં.૧ સગાભાઇ થતા હોઇ તેઓએ વિશ્વાસપૂર્વક એક કુલમુખત્યાર પત્રક કરી આપેલ હતું અને તે કુ.મુ.પત્ર સબ રજીસ્ટ્રાર શ્રી કડી ઓફીસમાં તા.૧૪-૦૩-૨૦૨૨ ના રોજ અનુક્રમ નં.૪૧૬૯/૨૦૨૨ થી પ્રતિવાદી નં.૧ નાએ નોંધાવેલ હતું અને તે સમયગાળા દરમ્યાન તેઓને તેમના ગામના ઇસમો દ્વારા જાણ થયેલ કે, પ્રતિવાદી નં.૧ એ તેઓ હયાત હોવા છતાં તેઓને ખોટી રીતે મૈયત જાહેર કરાવવા નામદાર કોર્ટમાં ખોટો કેસ કરેલ, જે રે.દિ.મુ.નં.૨૧/૨૧ હતો, આથી પ્રતિવાદી નં.૧ ને જણાવેલ કે, અમો નામદાર કોર્ટમાં હાજર થઇ સાચી હકીકત જણાવીશું તેથી પ્રતિવાદી નં.૧એ દાવો તા.૧૫-૦૪-૨૦૨૨ ના રોજ પરત ખેંચી લીધેલ હતો. વાદીએ પ્રતિવાદી નં.૧ ને જે કુ.મુ.પત્ર કરી આપેલ હતો તે ફક્ત મિલકતોનો વહીવટ કરવા કરી આપેલ હતો તેમ છતાં પ્રતિ. નં.૧ એ ગેરકાયદેસર તેમની જાણ બહાર તેમની મઝીયારી મિલકતો ઉપરના

કાયદેસરના હક્ક, હિત, સંબંધને ડુબાડવા અને તેમની મિલકતો પચાવી પાડવાના ઈરાદે તેઓએ કરી આપેલ કુ.મુ.પત્રનો ગેરકાયદેસર ઉપયોગ કરી મઝીયારી મિલકતોમાંથી તેઓનો કાયદેસરનો હક્ક કમી કરવા બાબતની નોંધ નં.૬૮૦૭ પડાવેલી જે ગેરકાયદેસર અનાધિકૃત અને તેમના હક્ક વિરુદ્ધની હતી અને આ નોંધ બાબતે તેઓને કોઈ જાણ પણ હતી નહી તેમજ તેઓને કોઈપણ નોટીસ પણ બજાવેલ નહી અને તેમની મિલકતો પચાવી પાડવાના ઈરાદે કુ.મુ.પત્રનો ગેરકાયદેસર ઉપયોગ કરી, તેમની મઝીયારી મિલકતો પૈકી જુના સર્વે નં.૧૪૯/૫ તથા નવા સર્વે નં.૭૬૭ વાળી મિલકત ગેરકાયદેસર અને અનાધિકૃત અને તેમના હક્ક હિત વિરુદ્ધનું કૃત્ય કરી પ્રતિવાદી નં.૨ થી ૬ ને તા.૦૪-૦૧-૨૦૨૩ ના રોજ વેચાણ લેખ નં.૨૩૩/૨૦૨૩ થી વેચાણ કરી નાંખેલ અને આ બાબતની તેઓને કોઈ જાણ હતી નહી. આમ, પ્રતિવાદી નં.૧ નો ઈરાદો મઝીયારી મિલકતોમાંથી તેઓનો કાયમ માટે હક્ક ડુબાડી દેવાનો હતો. વધુમાં પ્રતિવાદી નં.૧ નાએ તા.૨૪-૦૨-૨૦૨૩ ના રોજ સંદેશ દૈનિક પેપરમાં તેમના વિરુદ્ધ જાહેર ચેતવણી પ્રસિદ્ધ કરાવેલી અને તેમની સામાજીક પ્રતિષ્ઠાને નુકશાન થાય અને તેઓ તેમના કુટુંબથી કાયમ માટે અલગ થઈ જાય તેવા ઈરાદાથી ખોટા આક્ષેપો કરેલા હતા અને સદર નોટીસમાં જણાવેલ કે તેઓને મઝીયારી મિલકતમાંથી કાયમ માટે ફારેગ કરી દીધેલ છે અને નોટીસની જાણ થતાં તેઓએ રેવન્યુ રેકર્ડના ઉતારાની નકલ મેળવતા પ્રતિવાદી નં.૧ નાએ તેમના હક્ક, હિત વિરુદ્ધ ગેરકાયદેસરના કૃત્ય કરેલા છે. તે સામે કાનુની કાર્યવાહી પણ કરેલી છે તેમજ તેઓએ પ્રતિવાદી નં.૧ ને તા.૦૭-૦૩-૨૦૨૩ ના રોજ વકીલ મારફતે નોટીસ આપી તેમના વિરુદ્ધ કાયદેસરની કાનુની કાર્યવાહી કરવા સુચના આપેલ છે. આ કામના પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ થી ૬ ની તરફેણમાં દાવાવાળી મિલકતનો જે વેચાણ દસ્તાવેજ કરી આપેલ તે ગે.કા. અનાધિકૃત અને તેમના હક્ક, હિત વિરુદ્ધનો હોઈ તેઓને બંધનકર્તા નથી અને સદર દસ્તાવેજ રદબાતલ કરવા વાદીને કાયદેસરનો અધિકાર છે. તેમજ આ કામના પ્રતિવાદી નં.૨ થી ૬ તા.૪-૧-૨૦૨૩ ના રોજ વેચાણ લેખ નં.૨૩૩/૨૦૨૩ ના વેચાણ દસ્તાવેજના આધારે દાવાવાળી જમી અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે ઈતર રીતે તબદીલ કરી નાંખે તો તેમના દાવાને કોઈ અર્થ રહે નહી અને દાવાવાળી જમીન વેચાણ રાખવા તેમના કાયદેસરના હક્કથી વંચિત બની જાય છે અને તેઓને બદલો ના વળી શકે તેવું કાયમી સ્વરૂપનું નુકશાન થાય તેમ છે તેમજ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદની તરફેણમાં છે અને કામ ચલાઉ મનાઈ હુકમ નહી મળવાના કારણે કાયમી સ્વરૂપનું

નુકશાન થાય અને તેનો બદલો કદીપણ પાઇ પૈસામાં મળી શકે તેમ નથી જ્યારે પ્રતિવાદીને કોઇ નુકશાન થાય તેમ નથી અને તે દરમ્યાન કામચલાઉ મનાઇ હુકમ મેળવવા હાલની અરજી કરી પેરા નં.૧૮ મુજબની દાદ મંજૂર કરવા જણાવેલ છે.

(૨). આ કામે પ્રતિવાદીઓને ધોરણસરનો સમન્સ/નોટીસ કાઢવામાં આવેલ છે જે પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદી નં.૧ નાએ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ દાવા અરજ તથા મનાઈ અરજીનો લેખિત જવાબ આંક-૨૪ થી રજુ કરેલ છે, જેમાં વાદીનો દાવો તથા મનાઇ અરજ ખરા નથી અને વાદીના દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીમાં જણાવેલ હકીકતોનો ઇન્કાર કરી ખરી હકીકત જણાવેલ છે કે, આ કામના વાદી તેમના ભાઇ થાય છે અને વાદીના લગ્ન આશરે ૧૭ વર્ષ અગાઉ થયેલા અને લગ્ન બાદ વાદી તેમના કાકાના દિકરા જગદીશભાઇ દશરથભાઈ સાથે અમદાવાદ મુકામે રહેતા હતા અને વાદી જગદીશભાઇ પટેલના સાથે રહેતા હતા અને વાદી તેઓની સાથે રહેતા હોઇ જગદીશભાઇની પત્ની ઉર્મિલાના પરિચયમાં આવેલા અને વાદી ગઇ તા.૨૮-૪-૦૬ ના રોજ જગદીશભાઈની પત્નીને લઇને ભાગી ગયેલા. આમ, વાદી પોતે પરણિત અને સંતાનો હોવા છતાં જેણે આશરો આપ્યો તેની જ પત્નીને લઇને ભાગી ગયેલા અને ક્યાં ગયેલા તેનો કોઇ પત્તો લાગેલો નહી. વાદીની તેઓએ તથા તેમના સગાવ્હાલાઓએ તથા તેમની પત્નીએ ધાર્મિક જગ્યાએ અને અન્ય સ્થળોએ ખૂબ જ તપાસ કરેલી, પરંતુ વાદી મળી આવેલા નહી અને ઘણા વર્ષો થવા છતાં વાદી મળી આવેલા નહી. જેથી સાત વર્ષ કરતાં વધારે સમય થવા છતાં તેમની હયાતીના કોઇ સમાચાર નહી મળતા તેઓએ સને ૨૦૧૯ માં નાછુટકે વાદીને મરણ જાહેર કરવાનો કેસ કરેલો અને સદર કેસમાં જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવા છતાં વાદી હાજર થયેલા નહી અને કેસ ઓર્ડર પર આવી ગયેલ અને તે સમયે વાદીને ફેસબુકમાં જોતાં તેમના માધ્યમથઈ તેના મિત્ર તપાસદાસની આઇ.ડી.ખોલી અને તેમાંથી વાદીની કંપની ગૃપટેન ટેકનોલોજીના માલિકનો નંબર મળેલ અને તે નંબર યુએસએ નો હતો તે નંબર ઉપર ફોન કરેલ અને કંપનીના માલિકને વિનંતી કરેલ કે, અમારો ભાઇ તમારી કંપનીમાં નોકરી કરે છે તેવું તેઓને ફેસબુક માધ્યમથી જાણવા મળેલ છે, માટે તમારી કંપનીના કોઇ અધિકારીનો નંબર આપો, જેથી કંપનીના માલિકે તેમની દિલ્હી સ્થિત રહેલ કંપનીના અધિકારીનો નંબર આપેલ,ઓ અને ફોન કરીને હાલના વાદી કે જે તેમના ભાઇ થાય છે તેનો સંપર્ક કરેલો, અને તેઓએ સૌપ્રથમ હાલના વાદી સાથે તા.૧૮-૨-૨૨ ના રોજ ફોન દ્વારા સાંજે ૭-૦૦ વાગે વાત કરેલી, જે ફોન રાત્રે ૧૨ વાગ્યા

સુધી ચાલેલો અને ત્યારે વાદીએ ફોન ઉપર પણ એવું જણાવેલ કે, મારે કોઇ મિલકત જોઇતી નથી, પણ તમે મને સહકાર આપો, અને મારા અગાઉના લગ્નના છુટાછેડા કરી આપો, જેથી તેઓએ વાદીને કહેલ કે, તું પહેલા આવી જા તારું બધું કામ કરી આપીશું. પછી તેઓએ વાદીને લગ્ન જીવન વિશે પુછતા વાદીએ જણાવેલ કેસ, મારે ઉર્મિલા સાથે લગ્ન જીવન સારું ચાલુ છે અને તેનાથી એક દિકરો થયેલ છે જે હાલ ૧૭ વર્ષનો છે અને તેઓ ભાગી ગયો ત્યારથી દિલ્હીમાં રહે છે અને દિલ્હીમાં સેટ થયેલ છે મને કોઇ તકલીફ નથી, જેથી તેઓએ વાદી જેમ બને તેમ જલ્દી પરત આવી જવા વિનંતી કરેલી. આ કામના વાદી તેમના પરિવાર સાથે તા.૧૦–૩–૨૦૨૨ ના રોજ સુરત મુકામે તેમના ઘરે પ્રથમ વખત આવેલા અને વાદીએ જણાવેલ કે, મારે કોઇ મિલકત જોઇતી નથી તમારે જે કરવું હોય તે કરજો, હું તમોને પાવર આપી દઉ છું અને તે દિવસે વાદીએ ડોક્યુમેન્ટ લખી આપેલા. ૧. વાદીએ તેઓને રજી.પાવર આપેલ, ૨. તેમની માતાએ તેઓને પાવર લખી આપેલ જેમાં માતાનો અંગૂઠો વાદીએ બાંધેલ છે. ૩. તેમની માતાએ તેઓને વીલ લખી આપેલ જેમાં માતાનો અંગૂઠો વાદીએ બાંધેલ છે. ૪. તેમની માતાનો યશવંતપુરા તથા ચંદ્રાસણની મિલકતોમાંથી હક્ક કમી કરવાના બે લેખ બનાવેલ તેમાં વાદીએ સાક્ષી તરીકે સહી કરેલ છે. ૫. વાદીની પત્ની ઉર્મિલાબેન તેમના દિકરા રાજના નામે વીલ કરેલ છે તે ડોક્યુમેન્ટમાં પણ સાક્ષી તરીકે વાદીએ સહી કરેલ છે અને તેનો ફોટો લગાવેલ છે. ૬. વાદીએ તેમના દિકરા રાજના નામે વીલ કરેલ છે જે દસ્તાવેજમાં પણ તેની પોતાની સહી છે અને તેની પત્ની ઉર્મિલાની સાક્ષી તરીકે સહી છે. વાદીએ પોતાની રાજીખુશીથી કોઇપણ જાતના દબાણ વગર સભાનવસ્થામાં, તમામ ડોક્યુમેન્ટસ તેમની હાજરીમાં કરેલા છે અને વાદીએ રાજીખુશીથી તેઓને રજી.પાવર કરી આપેલ છે અને તા.૧૪–૦૩–૨૦૨૨ ના રોજ સાત ડોક્યુમેન્ટસ બનાવેલા છે જે તેની હાજરીમાં બનાવેલા છે તેની જાણ બહાર કોઇ દસ્તાવેજ બનાવેલા નથી અને સબ રજીસ્ટ્રાર કચેરીમાં તેમનું વિડીયો રેકોર્ડીંગ પણ થયેલ છે. તેઓને વાદીએ પાવર આપતા તેઓએ વાદીને જાણ કરી તેમનો હક્ક કમી કરાવેલ. વાદી જતા રહ્યા તે વખતે તેમના બનેવીનું રૂ.૫,૨૦,૦૦૦/– નું દેવું હતું જે વ્યાજ સાથે તેઓએ વાદીના આવ્યા બાદ તેમની હાજરીમાં ચુકતે કરેલ છે અને તેમના પિતાનું જે કાંઇ દેવું હતું તે તેઓએ ભરપાઇ કરેલ, કારણ કે, વાદી ઘણા વર્ષો સુધી મળી આવેલા નહી, વધુમાં હક્ક કમીની જે નોંધ નં.૬૮૦૭ પડેલી છે તે કાયદેસરની છે અને કાયદેસરની પ્રક્રિયા કરી પાડેલી છે અને આ નોંધ પાડવામાં કોઇ કાયદાકીય ભુલ થયેલ નથી. મોજે ચંદ્રાસણના દાવાવાળા જુના સ.નં.૧૪૯/૫ નવીન સ.નં.૭૬૭ જેનું ક્ષેત્રફળ ૦–૫૬–૨૨ વાળી

જમીન વાદીએ તેઓને કાયદેસર તા.૧૪–૩–૨૨ ના રોજ રજી.પાવર ઓફ એટર્ની અ.નં.૪૧૬૯ થી લખી આપેલ અને તે પાવરના આધારે તેઓએ પ્રતિવાદી નં.૨ થી ૬ ને દાવાવાળા સ.નં.૭૬૭ વાળી જમીન રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૩૩ થી તા.૪–૧–૨૩ ના રોજ વેચાણ આપેલી છે અને સદર જમીનનો કબજો ભોગવટો પ્રતિવાદી નં.૨ થી ૬ ને સોંપેલ છે પ્રતિવાદી નં.૨ થી ૬ કાયદેસરના રજી.વેચાણ દસ્તાવેજના આધારે માલિક અને કબજેદાર બનેલા છે, આ દસ્તાવેજ રદ કરી શકાય નહી. વેચાણ દસ્તાવેજના આધારે પ્રતિવાદી નં.૨ થી ૬ નાએ દાવાવાળી જમીન તેમના નામે કરવા માટે અરજી આપતા નોંધ નં.૬૮૪૧ થી તા.૪–૧–૨૩ ના રોજ પડેલી છે અને જેમાં વાદીએ વાંધા અરજી આપતા વાદીનો વાંધો રદ કરી વેચાણની નોંધ મંજૂર કરેલ છે. આમ, પ્રતિવાદી નં.૨ થી ૬ ના કાયદેસરના વેચાણ દસ્તાવેજના આધારે માલિક અને કબજેદાર બનેલા છે અને જો મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં.૨ થી ૬ ને નાણાંથી ભરપાઇ ના થઇ શકે તેવું મોટું નુકશાન થાય તેમ છે જેનો બદલો વળી શકે તેમ નથી.વાદીનો કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી અને મનાઇ હુકમ નહી આપવાથી વાદીને કોઇ નુકશાન થાય તેમ નથી. જ્યારે મનાઇ હુકમ આપવાથી પ્રતિવાદી નં.૨ થી ૬ ને નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવું મોટું નુકશાન થાય તેમ છે જેનો બદલો કોઇપણ રીતે વળી શકે તેમ નથી. ઉપર મુજબ પ્રતિવાદી નં.૧ તરફે સાચો અને ન્યાયી જવાબ નેકલક્ષમાં લઇ વાદીની મનાઇ અરજી ખર્ચ સહ રદ કરવા જણાવેલ છે.

જ્યારે આ કામે અન્ય પ્રતિવાદીઓને પુરતી અને વાજબી તકો આપવા છતાં તેમના તરફે કોઇ રીપોર્ટ કે રજૂઆત ન હોય તેઓનો જવાબનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૩). આ કામના વાદીએ તેમની મનાઇ અરજીના સમર્થનમાં આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક–૩/૧ થી માર્ક–૩/૮ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જ્યારે પ્રતિવાદી નં.૧ તરફે તેમના જવાબના સમર્થનમાં આંક–૨૫ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક–૨૫/૧ થી માર્ક–૨૫/૦૭ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વાદી તરફે તેમના વિ.વ.શ્રીની તથા પ્રતિવાદી નં.૧ તરફે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જ્યારે પ્રતિવાદી નં.૨ થી ૬ નાઓને પુરતી અને વાજબી તકો આપવા છતાં તેમના તરફે કોઇ રીપોર્ટ કે રજૂઆત ન હોઇ પ્રતિવાદી નં.૨ થી ૬ નો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪). ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં હાલની આંક–૫ અરજીના ન્યાયી, નિર્ણય સારું નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેનો પ્રથમ દર્શનીય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?

(૩) શું વાદીની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૫). ઉપરોકત મુદ્દાનાઓના તારણો હવે પછી મારા કારણોને લક્ષમાં લેતાં નીચે મુજબના છે.

૧. **નકારમાં**

૨. **નકારમાં**

૩. **નકારમાં**

૪. આખરી હુકમ મુજબ.

**//કા ર ણો//**

**<u>મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચાઃ–</u>**

(૬).... ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ એકબીજાને સંલગ્ન હોઈ ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદ્દાઓની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૭)... આ કામે વાદીની દાવા અરજીના કથનો તથા હાલની આંક–૫ ની અરજીના કથનો ધ્યાને લેવામાં આવે તો, વાદીએ હાલનો દાવો વાદગ્રસ્ત મિલકત કે જે વાદી તેમજ પ્રતિવાદી નં.૧ ના પિતાના ભાગે આવેલ વડીલોપાર્જીત મિલકત હતી અને સદર મિલકતમાં વાદીનો હક્ક, હિસ્સો સમાયેલો હોવા છતાં પ્રતિવાદી નં.૧ નાએ ખોટી અને ગેરકાયદેસર રીતે વાદીનું નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરાવી પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ થી ૬ ની તરફેણમાં વાદગ્રસ્ત મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી નાંખેલ છે. વાદીના કથનો મુજબ તેઓ વ્યવસાય ક્ષેત્રે બહાર ગામ રહેતા હોઈ તેમના પિતાની જે વડીલોપાર્જીત મિલકતો આવેલી તેમાં તેઓના પિતાના અવસાન બાદ વાદી તેમજ તેમના માતા તેમજ બે બહેનો અને પ્રતિવાદી નં.૧ ના નામો વારસાઇ હક્કે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલા અને ત્યારબાદ વાદીના માતા તેમજ બન્ને બહેનો દ્વારા વાદગ્રસ્ત મિલકતમાંથી તેઓનો હકક જતો કરેલો અને છેવટે વાદી તેમજ પ્રતિવાદી

નં.૧ ના સંયુક્ત નામે રેવન્યુ રેકર્ડમાં ચાલુ હતા અને પ્રતિવાદી નં.૧ વાદીને વારંવાર જણાવતા હતા કે, તમો ચંદ્રાસણ મુકામે આવશો તો તમારે જાનનું જોખમ રહેલ છે. જેથી વાદી તેમના ગામ આવેલા નહી. ત્યારબાદ આ કામના પ્રતિવાદી નં.૧ નાએ વાદી છેલ્લા સાત વર્ષ ઉપરાંતથી ગુમ થયેલ હોવા સંબંધે કડીની સિવિલ કોર્ટમાં દિવાની દાવો દાખલ કરેલ, પરંતુ બાદમાં પ્રતિવાદી નં.૧ ને જાણ થતાં સદર દાવો પરત ખેંચેલો. અને ત્યારબાદ પ્રતિવાદી નં.૧ નાએ વાદીને સમજાવીને તેઓની સહીઓ લઇ લીધેલી અને એક જનરલ પાવરનામું તૈયાર કરાવેલું અને તે પાવરનામું ફક્ત વાદગ્રસ્ત મિલકતમાં વહીવટ કરવા સંબંધેનું હતું તેમ છતાં પ્રતિવાદી નં.૧ નાએ આ પાવરનામાનો દુરુપયોગ કરી, વાદીનું નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરાવેલ અને બાદમાં પ્રતિવાદી નં.૨ થી ૬ ની તરફેણમાં રજી.વેચાણ દસ્તાવેજ કરી નાંખેલો. જ્યારે પ્રતિવાદી નં.૧ તરફે એવી રજૂઆત છે કે આ કામના વાદીની ઘણી શોધખોળ કર્યા બાદ ફેસબુક આઇડી ઉપરથી વાદીનો પત્તો મળેલો અને ત્યારબાદ વાદી ચંદ્રાસણ મુકામે આવેલા અને મારે કોઇ મિલકતમાં ભાગ જોઇતો નથી તેમ જણાવી, પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં જનરલ પાવરનામું કરી આપેલ અને તેના આધારે વાદીનું નામ રેવન્યુ રેકર્ડમાંથી હક્ક કમી કરેલ અને વાદગ્રસ્ત મિલકતમાં એક માત્ર પ્રતિવાદી નં.૧ નું નામ ચાલેલું અને તેઓએ કાયદેસરનો પુરેપુરો વેચાણ અવેજ લઇને પ્રતિવાદી નં.૨ થી ૬ ની તરફેણમાં રજી.વેચાણ દસ્તાવેજ કરી આપેલ અને પ્રતિવાદી નં. ૨ થી ૬ ના નામો રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલા અને તેની નોંધ પ્રમાણિત થયેલ છે.

(૮)... હવે આ કામે બન્ને પક્ષકારોની રજૂઆતો ધ્યાને લેતાં તેમજ રજુ થયેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં તે હકીકત નિર્વિવાદીત છે કે, વાદી અને પ્રતિવાદી નં.૧ બન્ને સગા ભાઇઓ છે અને વાદીના કથન મુજબ તેઓએ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં રજી. જનરલ પાવરનામું લખી આપેલ અને તેમાં જણાવેલી વિગતે વાદીનું નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરાવામાં આવેલું અને ત્યારબાદ પ્રતિવાદી નં.૧ નું નામ રેવન્યુ રેકર્ડે ચાલતું હતું અને તેના આધારે પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ થી ૬ ની તરફેણમાં વાદગ્રસ્ત મિલકતનું રજી.વેચાણ દસ્તાવેજ કરેલો. આ કામે પ્રતિવાદી નં.૧ તરફથી રજુ થયેલ રેવન્યુ રેકર્ડની નકલો ધ્યાને લેતાં આ કામના વાદીએ અલગ અલગ રેવન્યુ ઓથોરીટીઓ સમક્ષ જે નોંધો પ્રમાણિત થયેલી જે સંબંધે વિવાદ અરજીઓ દાખલ થયેલી તે તમામ વિવાદ અરજીઓ નામંજૂર થયેલી. અને છેવટે પ્રતિવાદી નં.૨ થી ૬ ની તરફેણમાં થયેલ રજી.વેચાણ દસ્તાવેજની નોંધ રેવન્યુ

રેકર્ડમાં પ્રમાણિત થયેલ છે અને હાલમાં પણ વાદગ્રસ્ત જમીન સંબંધે પ્રતિવાદી નં.૨ થી ૬ ના નામ રેવન્યુ રેકર્ડમાં માલિક કબજેદાર તરીકે ચાલું છે. આ સમગ્ર વિગતો ધ્યાને લેતાં વાદીએ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં જે કોઇ લખાણો કરેલા ત્યારબાદ જ પ્રતિવાદી નં.૧ નાએ આનુસંગિક કાર્યવાહીઓ કરેલી અને તેની તમામ નોંધો પ્રમાણિત થયેલી છે તેવા સંજોગોમાં વાદીનો કોઇ પ્રથમ દર્શનીય કેસ જણાતો નથી, તેમજ સગવડતા–અગવડતાનું પાસું પણ વાદીની તરફેણમાં નથી અને જો વાદીને કામચલાઉ મનાઇ હુકમ મંજૂર કરવામાં ન આવે તો વાદીને કોઇ નાણાંકીય નુકશાન જાય તેમ નથી, પરંતુ પ્રતિવાદી નં.૨ થી ૬ નાઓ કે જેઓ રજી.વેચાણ દસ્તાવેજના આધારે વાદગ્રસ્ત જમીનના માલિક, કબજેદાર બનેલા છે, તેઓને નાણાંકીય નુકશાન જાય તેમ છે. તેવા સંજોગોમાં **મુદ્દા નં.૧ થી ૩** નો જવાબ **નકારમાં** ફરમાવી, **મુદ્દા નં. ૪** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**// હુકમ //**

(૧) વાદીની હાલની આંક–૫ ની કામચલાઉ મનાઇ હુકમ મેળવવા અંગેની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૧૨મી, માહે જુલાઇ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૨.૦૭.૨૦૨૪
સ્થળ – કડી.

(જયેશ એ. દવે)
એડી.સિનિયર સિવિલ જજ, કડી,
[કોડ નં. જી.જે.–૦૦૭૧૨]